નંબર–૬

# નોટિસ પેપર ભાગ–૧
# વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો વિગેરેની સૂચનાઓ
# પંદરમી ગુજરાત વિધાનસભા
# ચોથું સત્ર
# ગુરુવાર, તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

**૧. સરકારી વિધેયક :**

**(અ) દાખલ કરવા માટેનું વિધેયક :**

સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૪નું ગુજરાત ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક.

**(બ) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનું વિધેયક :**

સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૪નું ગુજરાત ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક.

**૨. વૈધાનિક સંકલ્પો સિવાયના બિન–સરકારી સભ્યોના સંકલ્પોઃ–**

**બિન સરકારી સંકલ્પો (તા.૨૮–૦૨–૨૦૨૪)(બીજી બેઠક)ના રોજ ચર્ચા માટે હાથ પર લેવાના સંકલ્પો.**

**(૧) માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીનો સંકલ્પ**

ભારત દેશ ૧૪૦ કરોડની વસતી ધરાવતો વિશાળ દેશ છે. વિશ્વની પ્રથમ નંબરની લોકશાહી શાસન વ્યવસ્થા આ દેશમાં પ્રવર્તમાન છે. દેશના દરેક નાગરિકને પ્રાથમિક જરૂરિયાતો જેવી કે રોટી, કપડા અને મકાન માટે બંધારણથી અધિકાર બક્ષેલ છે.

રાજ્યના ગરીબ લોકોની છતની સાથે સાથે જીવન માટે ખોરાકની પણ જરૂરિયાત સંતોષાવી આવશ્યક છે. આ માટે પંડિત દિનદયાલ ઉપાધ્યાયના એકાત્મ માનવતાવાદના સિધ્ધાંતોને મૂર્તિમંત કરવા સરકાર કટિબધ્ધ છે. તેથી જ જરૂરિયાતમંદ તમામ લોકોને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ‘‘રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩’’ હેઠળ રાજ્ય સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનો દ્વારા ઘઉં, ચોખા, તેલ,

ખાંડ, દાળ, કઠોળ વગેરે સબસીડીયુક્ત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

દેશમાં અને રાજ્યમાં APL અને BPL કાર્ડ ધરાવતા કુટુંબો ખાસ કરીને શ્રમિક વર્ગના હોય છે. આવા લોકોને રોજગારી મેળવવા પોતાના વતનથી દૂર અન્ય સ્થળોએ સ્થળાંતર કરવું પડે છે. ક્યારેક જિલ્લા બહાર તો ક્યારેક રાજ્ય બહાર પણ રોજગારી મેળવવા જવું પડે છે. આવા સ્થળાંતર કરતા લોકોને સસ્તા અનાજની સરકારની યોજનાનો લાભ મળી રહે તે માટે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ''વન નેશન, વન રાશન કાર્ડ'' યોજના બનાવી છે. શ્રમિકો રોજગારી મેળવવા કોઈ પણ જગ્યાએ સ્થળાંતર કરે તો પણ રેશન કાર્ડ ધરાવતા લોકોને સરકારી અનાજ વિતરણની વ્યવસ્થાનો લાભ આપવાના દ્રઢ નિર્ધાર સાથે ઓગષ્ટ– ૨૦૧૯માં ''એક રાષ્ટ્ર, એક રાશન કાર્ડ'' એટલે કે ''વન નેશન, વન રાશન કાર્ડ'' યોજના અમલમાં મૂકવામાં આવી. તેમાં ગુજરાત રાજ્યને પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદ કરીને ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે પોર્ટેબિલિટી દ્વારા વિતરણ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી. તબક્કાવાર આ યોજનાનું દેશના વિવિધ રાજ્યોમાં અમલીકરણ થયું અને છેલ્લે ૩૬મા રાજ્ય તરીકે આસામમાં આ યોજના લાગુ કરવામાં આવી છે અને આજે સમગ્ર દેશમાં ''વન નેશન, વન રાશન કાર્ડ'' યોજનાનો અસંખ્ય લોકો લાભ મેળવી રહ્યા છે.

દેશમાં કોરોનાના કપરા કાળમાં લોકડાઉન દરમિયાન આ યોજના શરૂ કરવાથી ખાસ કરીને પરપ્રાંતિય લોકોને તેનો મોટા પ્રમાણમાં લાભ મળ્યો છે.

''વન નેશન, વન રાશન કાર્ડ'' યોજનાનો મુખ્ય ઉદ્દેશ દેશમાં નકલી રાશન કાર્ડ અંતર્ગત થતાં ભ્રષ્ટાચારને રોકવાનો છે. ઉપરાંત કોઈ વ્યક્તિ એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરે છે તો તેને રાશન મેળવવામાં કોઈ સમસ્યા ઉદ્‌ભવશે નહીં તે પણ સુનિશ્ચિત કરે છે. આનાથી પરપ્રાંતિય મજૂરોને સંપૂર્ણ ખાદ્ય સુરક્ષા મળશે.

આ યોજનાથી સરકાર દ્વારા તમામ રાશનકાર્ડ ધારક માટે કેન્દ્રીય ભંડાર બનાવીને અને તેને આધાર સાથે જોડીને કુલ પોર્ટેબિલિટીની સુવિધા આપવામાં આવે છે. જેનાથી રાશનકાર્ડ ધારક દેશના રાજ્યમાં, જિલ્લા/તાલુકા અથવા ગામમાં જાય તો પણ તે નોંધણી કરાવીને સરળતાથી રાશન મેળવી પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી શકે છે. આમ, ગરીબો માટે વરદાનરૂપ આ યોજના અમલમાં મૂકી છે.

આ યોજના દેશના તમામ લોકો સુધી પહોંચી શકે તે માટે ભારત સરકાર દ્વારા ''મેરા રાશન'' મોબાઈલ એપ્લિકેશન જુદી જુદી પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવામાં આવેલ છે. આ મોબાઈલ એપ્લિકેશન દ્વારા લાભાર્થી પોતાનું રજિસ્ટ્રેશન કરીને નજીકની વાજબી ભાવની દુકાનની વિગતો મેળવીને લાભ લઈ શકે છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનો લાભ જરૂરિયાતમંદ લોકો સરળતાથી મેળવી શકે તે માટે ''વન નેશન, વન રાશન કાર્ડ'' એટલે કે ONORCની જાણકારી તમામ

નાગરિકો સુધી પહોંચે તે માટે બહોળા પ્રમાણમાં પ્રચાર–પ્રસાર કરવા અને છેવાડાના માણસને યોજનાથી લાભાન્વિત બનાવવા માટે અસરકારક પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

## (૨) માનનીય સભ્યશ્રી રમેશભાઇ ટીલાળાનો સંકલ્પ

કોઈપણ કાર્યની સફળતા તેની પાછળ રહેલા સંકલ્પને આભારી છે. દ્રઢ સંકલ્પથી જ સફળતા અને સમૃધ્ધિના દ્વાર ખૂલે છે. ભારતવાસીઓ માટે આવું એક કદમ એટલે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા". આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઝારખંડ રાજયમાંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે ગુલામીની માનસિકતામાંથી બહાર આવીને વર્ષ–૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા.

રાજયના છેવાડાના માનવી કે જે રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવાની પાત્રતા ધરાવે છે, તેમને આવી યોજનાઓનો લાભ પહોંચાડવા તથા જનજાગૃતિ લાવવા સમગ્ર ભારતમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" શરૂ કરવામાં આવી હતી. ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યાત્રાનો પ્રારંભ અંબાજીથી કરાવ્યો હતો.

જનસેવા અને લોકકલ્યાણના ઉદ્દેશથી યોજવામાં આવેલ આ સંકલ્પ યાત્રા દરમિયાન લોકોને વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી અને મળવાપાત્ર લાભ પ્રાપ્ત કરાવવામાં આવ્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડીટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવેલ હતી. સરકારની ઉક્ત યોજનાઓને પાત્ર હોય તેવા એક પણ લાભાર્થી છૂટી ના જાય તે માટે રાજય સરકાર દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

"વિકસિત ભારત સંકલ્પ યાત્રા" લોકોના સપનાઓને સાકાર કરવા માટે સરકારનો અડગ નિર્ધાર સાથેનો સંકલ્પ છે. સમગ્ર દેશ તથા ગુજરાતમાં તા.૧૫મી નવેમ્બર ૨૦૨૩થી તા.૨૬મી જાન્યુઆરી ૨૦૨૪ સુધી આ સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આશરે ૧૪,૫૦૦થી વધુ ગ્રામ પંચાયત સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચી હતી. આવી યાત્રા દરમિયાન ૬૦ લાખથી વધારે વ્યક્તિઓએ ભારતને વિકસિત

રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લીધા હતા. યાત્રા દરમિયાન ૩ લાખથી વધુ વ્યક્તિઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

આ સંકલ્પ યાત્રાને સફળ બનાવવા આખા રાજયના વહીવટી તંત્રએ પણ અથાગ પ્રયત્નો કર્યા હતા. ગ્રામ્ય કક્ષાએ પણ અધિકારીઓ અને પદાધિકારીશ્રીઓ દ્વારા એકબીજાના સંકલનમાં રહીને યાત્રાની કામગીરી સુચારૂ રીતે પાર પાડવામાં આવી હતી.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરાવવામાં આવેલ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વ્યાપક રીતે શરૂ કરવામાં આવી હતી અને તેને અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ના અજોડ આયોજન બદલ આ સભાગૃહ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## (૩) માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઇ ભાભોરનો સંકલ્પ

દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વિશ્વકર્મા તરીકે ઓળખ ધરાવતાં કારીગર વર્ગના સર્વગ્રાહી ઉત્થાન માટે ભારત સરકાર દ્વારા સો ટકા સહાયિત ''પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના'' અમલમાં મૂકી છે. શરૂઆતમાં આ યોજના વર્ષ ૨૦૨૭-૨૮ સુધી પાંચ વર્ષ માટે લાગુ કરવામાં આવનાર છે.

''પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના''નો હેતુ કારીગરો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવાનો છે તેમજ આ વિશ્વકર્મા સમાજ સ્થાનિક અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ સાથે જોડાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ ઉપરાંત હસ્તકલા કારીગરોને તેમના સંબંધિત વેપારમાં મૂલ્યવૃદ્ધિની શૃંખલાને આગળ વધારવા માટે સક્ષમ બનાવવા, શરૂઆતથી માંડીને અંત સુધી સર્વગ્રાહી સહાય પ્રદાન કરવાનો છે. આનાથી કારીગરો જે વ્યવસાયો કરે છે, તેમાં ગુણાત્મક પરિવર્તન આવશે અને વિશ્વકર્મા સમાજની સામાજિક અને આર્થિક સ્થિતિ તેમજ તેમના જીવનધોરણની ગુણવત્તામાં સુધારો થશે.

ભારતીય અર્થવ્યવસ્થામાં વિવિધ વ્યવસાયોના કારીગરો અને હસ્તકલાના કારીગરોનો નોંધપાત્ર સમાવેશ થયેલ છે. આ યોજનાના આયોજન અંતર્ગત ભારત સરકાર દ્વારા પ્રાથમિક તબક્કે ૧૮ વેપાર-વ્યવસાય સાથે સંકળાયેલા લાભાર્થીઓને લાભ આપવામાં આવનાર છે. જેમાં વાળંદ(નાઈ), દરજી, ધોબી, ઢીંગલી અને પરંપરાગત રમકડાની બનાવટ(પરંપરાગત), સોની, શિલ્પકાર/મૂર્તિકાર/પથ્થરની કામગીરી કરનાર, બાસ્કેટ/મેટ/સાવરણી બનાવનાર/કાંથીની વસ્તુઓના કારીગરો, કુંભાર, કડિયા, લુહાર, સુથાર, મોચી/પગરખાં બનાવનાર કારીગર, બખ્તર બનાવનાર(આર્મરર), બોટ બનાવનાર, માછલી પકડવાની જાળી બનાવનાર, કુલોની

૫..

માળા બનાવનાર, હથોડી અને ટૂલકિટ બનાવનાર, તાળાં બનાવનાર અને મરામત કરનાર વગેરે વિશ્વકર્મા કારીગરોનો સમાવેશ થાય છે.

‘‘પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના’’ સમગ્ર દેશની સાથે ગુજરાત રાજ્યમાં અમલી બનાવવામાં આવેલ છે ત્યારે વિશ્વકર્મા વ્યવસાયિકો તેના વધુમાં વધુ લાભાર્થી બને તે જરૂરી છે. આ યોજનાને બહોળી પ્રસિદ્ધિ મળે અને યોજના મહત્તમ લાભાર્થીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા તેના માટે અસરકારક પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**